**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૨ મા.**

**ક્રિ. કે. નં. ૬૯૨૫/૨૦૧૮.**

ફરીયાદી : સરકાર આંક

વિ.

આરોપી :– નાશીર અલ્લારખા ધોબી.
રહે. ૧૯૬૨/૩, સૈયદ વાડા, ખાનપુર,
અમદાવાદ.

ગુનો :–**ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબ.**

**– : ઠ રા વ : –**

(૧) આ કામે આરોપી વિરુધ્ધ એલીસબ્રીજ/પાલડી પોલીસ સ્ટેશનમા ઈ. પી. કો. કલમ ૨૮૩ મુજબના ગુનાની ફરીયાદ થયેલ છે જે સંદર્ભે પોલીસે તપાસને અંતે આરોપી સામે આઈ. પી. સી. ની કલમ ૨૮૩ મુજબનું ચાર્જશીટ રજુ થયેલ છે.

(૨) આરોપી હાજર થતા તેઓને ચાર્જશીટની વિગતો વાંચી સંભળાવી અને તેઓની પ્લી લેતા પોતાની સામેનો સદર ગુનો સ્વૈચ્છીક રીતે કબુલ કરેલ છે અને તે અંગેની કબુલાત પુરસીસ આપી છે અને જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે અને હવે પછી આવા પ્રકારનો ગુનો કરશે નહીં, તેના ઉપર દયા રાખવા જણાવેલ છે.

(૩) તહોમતદારે સદર ગુનો સ્વૈચ્છીક રીતે કબુલ રાખેલ છે અને તે અંગે ગુના કબુલાતની પુરસીસ આપેલ છે. તે જોતા અને તહોમતદારની રજુઆતને ધ્યાનમા લેતાં આ તેનો પ્રથમ ગુનો છે અને આરોપી જે પ્રકારે ગુનો કરેલ છે તે ધ્યાને લેતાં તેમજ તહોમતદારની પરિસ્થિતિને ધ્યાને લેતાં અને તેનો પ્રથમ ગુનો હોઈ દયાની માગણી કરે છે. આરોપી ફરી આવો ગુન્હો નહીં કરવાની સ્વૈચ્છીક રીતે સ્વીકારી દયાની માગણી કરેલ છે. ઉપરોકત સંજોગોમા નીચે મુજબનો હુકમ કરવામા આવશે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરું છું.

**– : હુ ક મ : –**

આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૨ અન્વયે ઈ. પી. કો. કલમ ૨૮૩ ના ગુનામા તકસીરવાન ઠરાવી આરોપીને રુ. ૧૦૦/– ( અંકે રુપિયા એકસો ) પુરા દંડ કરવામા આવે છે. દંડ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવામા આવે છે.

હુકમ આજ તા. ૨૩ મી માહે જાન્યુઆરી સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૨૩/૧/૨૦૧૮.

( એમ. આર. શુકલા. )
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
GJ00681.